STUDENT STARTUP & INNOVATION POLICY

SSIP

સ.પો.ભુ/SSIP ૨.૦/Hackathon 2025/265 તા:03/03/૨૦૨૫

## નોટીસ

ઉચ્ચ અને ટેકનીકલ શિક્ષણ વિભાગ - ગુજરાત રાજ્ય દ્વારા, વિદ્યાર્થિયોની Innovation અને Start-up ની પ્રવૃતિઓના પ્રોત્સાહન અને સંવર્ધન હેતુ રાજ્યવ્યાપી કાર્યક્રમોની શ્રુંખ્લા ગોઠવામાં આવતી હોય છે. ગત વર્ષ Student Start-up & Innovation Policy (SSIP 2.0) અંતર્ગત "Smart Gujarat Hackathon (5th Edition)" હેઠળ આપણી સંસ્થાના વિવધ વિભાગો માંથી ૧૨ ટીમના ૫૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ.

આ વર્ષે SSIP અંતર્ગત " Smart Gujarat Hackathon (6th Edition)" નું આયોજન થયેલ છે. **આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ** પર વિશેષ ફોકસ સાથે "સ્માર્ટ ગુજરાત હેકાથોન" ની 6ઠ્ઠી આવૃત્તિ જટિલ પડકારોના સ્માર્ટ અને ટકાઉ ઉકેલો બનાવવાની દિશામાં આગળનું પગલું છે. રાજ્ય સરકારના વિવિધ વિભાગો, જાહેર ક્ષેત્રના ઉપક્રમો, મ્યુનિસિપલ કોર્પોરેશનો, જિલ્લા કલેક્ટર કચેરી, જિલ્લા પંચાયતો અને ઉદ્યોગોના પડકારો(challenges) ઉકેલવાના છે.

આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓને **આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ(AI)** અને **અન્ય ઉભરતી ટેક્નોલોજી-આધારિત સોલ્યુશન-ઓરિએન્ટેડ પ્રોજેક્ટ્સ**માં જોડાવાની પૂરતી તકો પૂરી પાડતા વિવિધ ક્ષેત્રોની સમસ્યાના નિવેદનો દર્શાવવામાં આવ્યા છે.

વધુમાં, વિજેતા ટીમોને માત્ર રોકડ ઈનામો જ નહીં પરંતુ સરકારી વિભાગોના નોડલ ઓફિસરો તરફથી અમૂલ્ય માર્ગદર્શન અને ગુજરાત સરકારના શિક્ષણ વિભાગના લાભો પણ પ્રાપ્ત થશે, જે તેમની નવીનતા અને ઉત્કૃષ્ટતાને આગળ વધારવા માટે પ્રોત્સાહિત કરશે.

આથી, આપણી સંસ્થાના દરેક વિભાગના વિદ્યાર્થીઓ તેમજ શિક્ષકોને જણાવવાનું કે " Smart Gujarat Hackathon (6th Edition)" એ એક ઉદ્યોગ-કેન્દ્રિય પ્રવૃત્તિ છે. તેમજ આપણી સંસ્થાના વિવધ વિભાગોમાં એન્જીનીઅરીંગના અભ્યાસક્રમોને નીખારવાના પ્રયાસરૂપ આ પ્રવૃત્તિ હેઠળ ઈચ્છુક વિદ્યાર્થીઓ અને શિક્ષકોની વિભાગદીઠ ઓછામાં ઓછી બે ટીમ અપેક્ષિત છે.

વિવધ ક્ષેત્રના તજજ્ઞો દ્વારા કુલ ૧૬૯ પડકારો(challenges)ના વિવરણ આપેલ લીંક : https://ssipgujarat.in/hackathon/problem_statement.php પરથી મેળવી સકાય છે.

વિદ્યાર્થીઓની ટીમને રજીસ્ટર કરવામાટેની લીંક : https://ssipgujarat.in/hackathon/registration.php

**ખાસ સુચના** : ઉપરની લીંકમાં ટીમ રજીસ્ટર કરાવ્યા બાદ આગળની પ્રક્રિયામાટે વિભાગીય SSIP-CORDINATOR પાસે આપેલ નમૂનામાં નોંધકરાવવી.

03/03/2025

આચાર્યશ્રી

PRINCIPAL
GOVT.POLYTECHNIC
BHUJ

નકલ રવાના: તમામ ખાતાના વડાશ્રીઓ તરફ યોગ્ય કરવા સારુ.

: તમામ નોટીસ બોર્ડ પર પ્રદર્શીત કરવા સારુ.